MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 04, December 2024

# શ્રીમદ્ રાજચંદ્રનો આત્માનો ખ્યાલ

ડૉ. કે. ટી. સુમરા
અધ્યક્ષ તત્વજ્ઞાન વિભાગ
શામળદાસ આર્ટ્સ કોલેજ
M.K.B.U. ભાવનગર.

**પ્રસ્તાવના:**

ગૌરવવંતિ ગૂર્જર ભૂમિ પર અનેક સંતો, ઋષિઓ, યોગીઓ, અને તત્વચિંતકો જનમ્યાં છે. તેમાંય સૌરાષ્ટ્રની ભૂમિ સંતોની ભૂમિ છે. સૌરાષ્ટ્રની ભૂમિ અતિ પ્રાચીન સમયથી સંત – કવિ, સિધ્ધો, સાધકો, ભકતો કે પંથના સ્થાપકોની તીર્થ ભૂમિ રહી છે. આ પાવન ભૂમિએ આપણને અનેક મહાપુરૂષોની ભેટ ધરી છે. જે ગુજરાતના ગૌરવની વાત છે. ગુજરાત પર બૌદ્ધ, જૈન, વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયનો વ્યાપક પ્રભાવ રહયો છે. જેનો મુખ્ય ઉદેશ્ય સત્ય, અંહિસા, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય હતો. દર્શન શાસ્ત્રોનાં ક્ષેત્રમાં પણ ગુજરાતનું પ્રદાન ગણી શકાય. તત્વચિંત્તનના ક્ષેત્રે યશસ્વી પ્રદાન ગણી શકાય. તેમાં સહજાનંદ સ્વામી, મહર્ષિ દયાનંદ સરસ્વતિ, હેમચંદ્રાચાર્ય, નરસિંહ મહેતા, ધીરો ભગત, ભાણ સાહેબ, ખીમ સાહેબ, મોરાર, દાસી જીવણ, ઉપરાંત, ગાંધીજી, શ્રીમદ્ રાજચંદ્ર, કાકા સાહેબ કાલેલકર, કિશોરલાલ તથા નામી અનામી વગેરે. જેમાં અહીં શ્રીમદ્ રાજચંદ્રનો પુરૂષાર્થ આત્મ ઓળખ છે. તે દર્શાવવાનો મુખ્ય હેતુ છે. આત્માના ખ્યાલના અનુસંધાનમાં વિવિધ દર્શનોમાં થયેલ આત્મ વિષયક ખ્યાલ સ્પષ્ટ શ્રીમદ્ ના આત્મ વિષયક ખ્યાલનું નિરૂપણ કરવાનું રહેશે.

શ્રીમદ્ રાજચંદ્ર અર્વાચીન ગુજરાતની એક અદભૂત આધ્યામિક વિભૂતિ હતા. ગાંધીજી જેવા મહાપુરૂષે પણ એમની સ્તુતિ કરી છે. શાશ્વત વસ્તુમાં તન્મયતા જીવનની સરલતા,સમગ્ર સંસાર સાથે એક સરખી વૃત્તિથી વ્યવહાર, સત્ય અને અહિંસાના આગ્રહી, ધ્યાધર્મની મૂર્તિ એવા એક વિરલ, વિભૂતિ શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ સોરાષ્ટના મોરબી પાસે આવેલા વવાણિયા નામના ગામમાં સંવત ૧૯૨૪ ના કારતકસુદ ૧૫ ને દિવસે (ઈ.સ. ૧૮૬૭) થયો હતો. એમનું બાળપણનું નામ રાયચંદભાઈ હતું, એમના પિતાનું નામ રવજીભાઈ પંચાણભાઈ મહેતા હતું. અને માતુશ્રીનું નામ દેવબાઈ હતું શ્રીમદ્ બાળવયમાં વૈષ્ણવ તેમજ જૈન ધર્મના સંસ્કારો પામ્યા હતાં તેમના પિતામહ શ્રીકૃષ્ણના ભકત અને માતુશ્રી જૈન સંસ્કાર લાવ્યા હતા. (કલાર્થી ૫)

શ્રીમદ્ રાજચંદ્રનો પુરૂષાર્થ આત્મ ઓળખ કે સત દર્શનનો હતો તેઓ બચપનથી જ વૈરાગ્ય શીલ હતાં. એ વૈરાગ્ય તેમના જીવનમાં વધુને વધુ દ્રઢ બનતો ગયો. તેઓ હંમેશા આત્ય આત્મ સમાધિમાં મગ્ન રહેતા તેમનામાં અસાધારણ અલૌકિક શક્તિ હતી. તેમને પૂર્વજન્મના જ્ઞાન ભક્તિ, અને ચારિત્ર્યની અદભૂત બક્ષીસ હતી.

ગાંધીજીએ જેમને ગુરૂ માનેલાં એવા શ્રીમદ્ રાજચંદ્ર સંસારમાં રહીને પણ સંન્યાસી જેવું જીવન જીવ્યાં હતા. જેમ પરંપરાના સંસ્કારોને લીધે જૈન તત્વજ્ઞાન એમના જીવનમાં ભળી ગયેલ છે. જીવ, અજીવ, મોક્ષ તેનો ઉપાય, સંસાર, તેનુ

કારણ, કર્મ, કર્મનું સ્વરૂપ, આધ્યાત્મિક વિકાસમય એકાંત, ગુણ સ્થાન, ઈશ્વર, જગત, તેનું સ્વરૂપ, દેહપરિમાણત્વ આદિ મુદાઓને તેઓ વારંવાર ચર્ચે છે.

શ્રીમદ્ રાજચંદ્ર આત્માને લગતા છ મુદા ચર્ચે છે. આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ- આત્માનું નિત્યપણું પુનર્જન્મ – કર્મકર્તુત્વ કર્મફળ ભોકતા-મોક્ષ અને તેનો ઉપાય અહીં શ્રીમદ્દના સાગર જેવડા આત્માના ખ્યાલને ગાગરમાં સમાવવાનો નમ્ર પ્રયાસ છે શ્રીમદ્ ના આત્મ વિષયક ખ્યાલને જોતા પહેલાં અન્ય દર્શનો અંગે ટુંકમાં જોઈએ.

ભારતના અનેક સંતો ઋષિઓએ, તત્વ ચિંતકોએ તથા આચાર્યોએ પોતપોતાના મત અનુસાર આત્મા અંગે વિચારણા કરેલી છે. દર્શનો મુખ્ય નવ માનવામાં આવેલ છે. જેમાં સાંખ્ય-યોગ, ન્યાય વૈશેષિક તથા ઉત્તરમીમાસાં અને પૂર્વમીમાંસા આ છ દર્શનો આસ્તિક તથા જૈન, બૌદ્ધ અને ચાર્વાકને નાસ્તિક દર્શનો કહેવામાં આવે છે. પરંતુ ચાર્વાક માત્ર એકજ નાસ્તિક દર્શન છે કેમકે તેઓ આત્મા, ઈશ્વર, કર્મ, પુનજન્મ વેદનું પ્રામાણ્ય વગેરેમા શ્રદ્ધા ધરાવતા ન હોય આથી તે નાસ્તિક મનાય છે. શ્રીમદ્ દર્શનોનું વર્ગીકરણ કરતા લખે છે. કે...

બૌદ્ધ-નૈયાયિક, સાંખ્ય, જૈન અને મીમાંસા એ પાંચ આસ્તિક દર્શનો એટલે બંધ-મોક્ષાદિ ભાવને સ્વીકારનારા દર્શનો છે. નૈયાયીકોના અભિપ્રાય જેવો જ વૈશેષિકનો અભિપ્રાય છે. સાંખ્ય જેવો જ યોગનો અભિપ્રાય છે. સહજ ભેદ છે તેથી તે જુદા જુદા ગવેષ્યાં નથી. પૂર્વ અને ઉત્તરમીમાંસા દર્શનના બે ભેદ છે. પૂર્વ મીમાંસા અને ઉતર મીમાંસામાં વિચારનો ભેદ વિશેષ છે. તથાપિ મીમાંસા શબ્દથી બંનેની ઓળખાણ થાય છે. પૂર્વમીમાંસાનું " જૈમિનિ " અને ઉત્તરમીમાંસાનું 'વેદાંત 'એ નામ પણ પસિદ્ધ છે.

બૌદ્ધ અને જૈન સિવાયના બાકીના દર્શનો વેદને પ્રમાણ તરીકે સ્વીકારે છે. માટે વેદાશ્રિત છે. અને વેદાર્થ પ્રકાશી પોતાનું દર્શન સ્થાપવાનો પ્રયત્ન કરે છે, બૌદ્ધ અને જૈન વેદાશ્રિત નથી સ્વતંત્ર દર્શન છે. આત્માદિ પદાર્થને નહી સ્વીકારતું એવું ચાર્વાક નામે છઠ્ઠું દર્શન છે.

બૌદ્ધ દર્શનના મુખ્ય ચાર ભેદ છે-૧ સૌત્રાંતિક -૨ માધ્યમિક -૩ શૂન્યવાદી અને -૪ વિજ્ઞાનવાદી તે જુદે -જુદે પ્રકારે ભાવોની વ્યવસ્થા માને છે.

જૈન દર્શનના સહજ પ્રકારાંતરથી બે ભેદ છે. દિગંબર અને શ્વેતાંબર પાંચેય આસ્તિક દર્શનને જગત અનાદિ અભિમત છે. બૌદ્ધ સાંખ્ય જૈન અને પૂર્વમીમાંસાને અભિપ્રાયે સુષ્ટિકર્તા એવો કોઈ ઈશ્વર નથી.

નૈયાપિકોને અભિપ્રાયે તટસ્થપણે ઈશ્વર કર્તા છે, વેદાંતને અભિપ્રાયે આત્માને વિષે જગત વિવર્તરૂપ એટલે કલ્પિતપણે ભાખે છે. અને તે રીતે ઈશ્વર કલ્પિતપણે કર્તા સ્વીકાર્યો છે.

યોગને અભિપ્રાયે નિયંતાપણે ઈશ્વર પુરૂષ - વિશેષ છે.

બૌદ્ધને અભિપ્રાયે ત્રિકાળ અને વસ્તુરૂપ આત્મા નથી ક્ષણિક છે. શૂન્યવાદી બૌદ્ધને અભિપ્રાયે વિજ્ઞાન માત્ર છે. વિજ્ઞાન વાદી બૌદ્ધને અભિપ્રાયે દુઃખાદિ તત્વ છે. તેમાં વિજ્ઞાન સ્કંધ ક્ષમિકપણે આત્મા છે.

નૈયાયિકને અભિપ્રાયે સર્વ વ્યાપક એવા અસંખ્ય જીવ છે. ઈશ્વર પણ સર્વ વ્યાપક છે આત્માદિને મનના સાન્નિધ્યથી જ્ઞાન ઉપજે છે.

સાંખ્યને મતે સર્વ વ્યાપક એવા અસંખ્ય આત્મા છે. તે નિત્ય અપરિણામી અને ચિંત પાત્ર સ્વરૂપ છે.

જેમને અભિપ્રાયે અનંત દ્રવ્ય આત્મા છે. પ્રત્યેક જુદા છે. જ્ઞાન, દર્શનાદિ ચેતના સ્વરૂપ નિત્ય અને પરિણામ પ્રત્યેક આત્મા અસંખ્યાત પ્રદેશી સ્વશરીરા વગાહતી માન્યો છે.

પૂર્વમીમાંસાને અભિપ્રાયે જીવ અસંખ્ય છે. ચેતન છે. ઉત્તરમીમાંસાને અભિપ્રાયે એકજ આત્મા સર્વ વ્યાપક અને સચ્ચિદાનંમય ત્રિકાળાબાધ્ય છે. (મોદી ૫૨૦-૫૨૧)

આમ જુદા જુદા દર્શનોમાં આત્માને કોઈ નિત્ય માને છે. કોઈ અનિત્ય માને છે. કોઈ આત્માને કર્તા તો કોઈ અકર્તા માને છે.પરંતુ જૈન દર્શન સિવાયના અલગ – અલગ દર્શનો નું સ્વરૂપ એકાંતિક રીતે કહે છે. આત્માને કોઈ દર્શન જીવ કહે છે. કોઈ તેને પુરૂષ, કોઈ તેને ચૈતન્ય તો કોઈ તેને બ્રહ્મ કહે છે. એક અર્થમાં આ બધા શબ્દો પર્યાયવાચી છે. હવે શ્રીમદ્ રાજચંદ્ર આત્માને લગતા છ મુદા ચર્ચેલા છે. તે ૪૩મી ગાથા જોઈએ.

;આત્મા છે' 'તે નિત્ય છે' 'છે કર્તા નિજકર્મ'

'છે ભોક્તા' વળી મોક્ષ છે' મોક્ષ ઉપાય સુધર્મ;

**૧: આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ :-**

૪૩મી ગાથામાં સમગ્ર આત્મસિદ્ધિ શાસ્ત્રનો સાર છે. તેમાં આત્મ તત્વની રજૂઆત છે. ભારતીય દર્શનોમાં આત્માના સ્વરૂપ અંગે જુદા જુદા ખ્યાલો છે ચાર્વાક દર્શન આત્માનું અસ્તિત્વ સ્વીકારતું નથી. જૈન દર્શનમાં આત્માનું સ્વરૂપ (અસ્તિત્વ) શરીરથી સ્વતંત્ર માનવામાં આવ્યુ છે. પ્રતિત્ય સમુત્પાદ વાદના ટેકેદાર બૌદ્ધો પરિવર્તનશીલ એવા દ્રસ્ટ ધર્મો સિવાય કોઈપણ અદષ્ટ સ્થાયી દ્રવ્યનો સ્વીકાર કરતાં નથી તેઓ સમગ્ર જગતને પરિવર્તનશીલ માને છે. અને નિત્ય બદલાતા જતા દ્રવ્યોથી ભિન્ન એવું કોઈ સ્થિર કે સ્થાયી આત્મ તત્વ છે. એમ માનતા નથી. (ઝવેરી ૪૪) ન્યાય દર્શન શરીરથી ભિન્ન એવા અનંત તેમજ અનાદિ જીવ દ્રવ્યને માને છે. નૈયાપિકોના મતે આત્મા એક એવું દ્રવ્ય છે. જે અનાદિ અનંત છે અને ઈચ્છા દ્રેષ, પ્રયત્ન જ્ઞાન, સુખ વગેરે તેના ગુણો છે વૈશેષિક સંસારી આત્માના નવ ગુણો માને છે. સાંખ્ય દર્શન પુરૂષ અને પ્રકૃતિ એ બે તત્વોનો સ્વીકાર કરે છે. સાંખ્યનો પુરૂષ એજ આત્મા છે. યોગ દર્શન અનુસાર જીવ સ્વતંત્ર પુરૂષ છે. મીમાંસા દર્શનમાં મત અનુસાર દેહ, ઈન્દ્રિય અને મન થી ભિન્ન, સિથર એવા આત્માનું અસ્તિત્વ છે. અને ઉત્તર મીમાંસા અનુસાર (અદૈત વેદાંત) બ્રહ્મ અને જીવ વસ્તુતઃ અભિન્ન છે. (ઝવેરી ૪૪)

આત્માનું અસ્તિત્વ નથી એવી શંકાના સમાધાનમાં ગાથા ૫૧ માં શ્રીમદ લખે છે કે તે આત્મા દ્રષ્ટિ એટલે આંખથી કયાંથી દેખાય ? કેમકે ઉલટો તેને તો જોનાર છે સ્થૂળ સૂક્ષ્માદિ રૂપને જે જાણે છે. અને સર્વને બાધ કરતાં કરતાં કોઈપણ પ્રકારે જેનો બાધ કરી શકતો નથી. એવો બાકી જે અનુભવ રહે છે. તે જીવન સ્વરૂપને (આત્મ સિદ્ધિ શાસ્ત્ર ગા. ૫૧) પૃ. ૧૨૯ શ્રીમદ કહે છે. કે જેમ ઘટપટ આદિ પદાર્થો છે. તેમ આત્મા પણ છે. અમૂક ગુણ હોવાને લીધે જેમ ઘટપટ આદિ હોવાનું પ્રમાણ છે. સ્વ પરપ્રકાશક એવી ચૈતન્ય સત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે. એવો આત્મા હોવાનું પ્રમાણ છે. (શ્રીમદ રાજચંદ્ર

પૃ.૩૯૪) ૪૫ થી ૪૮ ગાથામાં નવ પ્રકારની આત્માના અસ્તિત્વનો નિષેધ કર્યો છે તે આત્મા દેખાતો નથી, તેનું કોઈ સ્વરૂપ નથી, તેનો કોઈ અનુભવ થતો નથી, શું દેહ જ આત્મા છે, આત્મા નથી તો ઇન્દ્રિય અને પ્રાણ છે, આત્માનું કોઈ ચિન્હ નથી, આત્મા પ્રગટ થતો નથી, બધા પદાર્થો દેખાય છે તો આત્મા કેમ દેખાતો નથી, અને જે દેખાય નહિ તો મોક્ષ અને તેનો ઉપાય પણ નિરર્થક છે. આ શંકાનું સમાધાન શ્રીમદ્ ૪૫ થી ૫૯મી ગાથામાં કરે છે. તે છે દેહાધ્યાસ.

**૨.આત્મા નિત્ય છે:**

આત્માના નિત્યત્વ અંગે શ્રીમદ રાજચંદ્રએ ૧૧ ગાથાઓની રચના કરી છે. તેઓ જણાવે છે કે જે જે દેષદિ સંયોગો દેખાય છે તે તે અનુભવ સ્વરૂપ એવા આત્માના દ્રશ્ય છે. અર્થાત આત્મા તેને જૂએ છે અને જાણે છે. એવા પદાર્થ છે. તે બધા સંયોગોનો વિચાર કરી જૂઓ તો કોઈપણ સંયોગોથી અનુભવ સ્વરૂપ એવી આત્મા ઉત્પન્ન થઈ શકવા યોગ્ય તમને જણાશે નહીં તે સંયોગોનું સ્વરૂપ વિચારતા એવો એકપણ સંયોગ નથી જણાતો કે જે સંયોગ વડે આત્મા ઉત્પન્ન થયો હોય આત્મા સંયોગોનો જ્ઞાતા છે. સંયોગથી ઉત્પન્ન થવા વાળો પદાર્થ નથી. દેહાદી પદાર્થો સંયોગ વડે ઉત્પન્ન થનારા છે એટલે તે અનિત્ય છે. જયારે આત્મા સંયોગ વડે ઉત્પન્ન થનાર નથી એટલે તે નિત્ય છે ગાથા ૬૫ માં શ્રીમદ લખે છે કે જડથી ચેતન ઉપજે અને ચેતનથી જડ ઉત્પન્ન થાય એવો કોઈને કયારે કહી પણ અનુભવ થાય નહી.

આત્મા નિત્ય છે. એ સિદ્ધાંત આ ગાથામાં અનુમાન પ્રમાણ દ્વારા સિદ્ધ કરવામાં આવ્યો છે. અનુમાન હંમેશા પ્રત્યક્ષના આધારે જ હોય છે. જેમ કે ધુમાડો જોતા અગ્નિ હોવાનું અનુમાન થાય છે. કારણ કે ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય જ તેવી રીતે આ ગાથામાં જગતમાં પ્રત્યક્ષ દેખાતી વિચિત્રતાના આધારે આત્માના ત્રિકાળવર્તીવણાનું અનુમાન થકી આત્માની નિત્યતા સિદ્ધ કરી છે.

**3.આત્મા કર્મોનો કર્તા છે:**

જીવ કર્મનો કર્તા નથી એમ સ્વીકારતા તે કર્મનો ભોકતા નથી. એમ આપો આપ સિદ્ધ થાય છે. જીવ જો કર્મનો કર્તા ભોકતા નથી તો કર્મ રહિત દશાનો, અર્થાત મોક્ષનો પ્રશ્ન જ ઉભો થતો નથી. શ્રીમદ લખે છે કે જો કર્મનું કર્તાપણું આત્માને માનીએ તો તો આત્માનો તે ધર્મ ઠરે અને જે જેનો ધર્મ હોય તે કયારે પણ ઉચ્છેદ થવા યોગ્ય નથી. જેમ અગ્નિ ની ઉષ્ણતા અથવા પ્રકાશ તેમ એમજ જો કર્મનું કર્તાપણું આત્માનો ધર્મ ઠરે તો તે નાશ પામે નહિ. (આત્મ સિદ્ધિ શાસ્ત્ર ભાગ-૨ પૃ. ૪૯૯) ૭૮મી ગાથામાં "એક સ્વભાવની ક્રિયા છે અને એક કર્મની ક્રિયા છે. કર્મની ક્રિયાનો કર્તા કર્મ છે. તેમાં અજ્ઞાનરૂપે આત્મા નિમિત્ત માત્ર છે, તેથી તેને કર્મનો કર્તા કહ્યો છે. આ બંને પંક્તિને કે બંને બિંદુઓને દ્રષ્ટિગત રાખીને આત્મસત્તા અને કર્મસત્તાનું મંતવ્ય સ્પષ્ટ કર્યું છે. સ્વભાવનો પ્રભાવ અને કર્મનો પ્રભાવ, બંનેને જ્ઞાનદ્રષ્ટીએ વિખુટા પાડ્યા છે. સાથે સાથે કહ્યું છે કે અજ્ઞાનદશામાં બંને જોડાયેલા છે. ગાથાનો ઉપસંહાર એ જ છે કે જીવ સ્વતંત્ર છે પરંતુ પોતાનું ભાન ન કરે, ત્યાં સુધી તે પરાધીન પણ છે અને પરાધીનતામાં કર્મનો પ્રભાવ પણ છે." (જયંતીલાલજી ૨૭૨)

**૪: આત્મા કર્મનો ભોકતા છે:** ભારતીય દર્શનોમાં કર્મવાદનું એક અનોખું સ્થાન છે. કર્મવાદ અનુસાર જે જીવ જે કર્મોનો કર્તા હોય છે, તે જ જીવ તે કર્મના ફળનો ભોકતા હોય છે જીવની પ્રત્યેક ક્રિયાથી કર્મ બંધાય છે. અને જેવું કર્મ બંધાયુ હોય છે. તેના વિષયક અનુસાર જીવની મતિ અને પરિણિત થાય છે. કર્મ અનુસાર જીવનું પરિણમન થાય છે. જૂનું કર્મ પાકે છે. ત્યારે જીવની વિભાવપરિણિત થાય તો નવુ કર્મ બંધાય છે.

વેદાંતી કવિ મિશ્ર કહે છે કે આકાશમાં ઉડીને જાઓ દિશાઓની પેલે પાર જાઓ, દરિયાના તળિયે જઈને બેસો, મરજીમાં આવે ત્યાં ભરતી પણ જન્માંતરને વિષે જે શુભાશુભ કર્મ કર્યા હોય તેના ફળ તો છાપાની જેમ તમારી પાછળને પાછળ જ (શાંતિ શતક્રમ શ્લોક - ૮) આવશે એ તમારો પીછો નહીં છોડે.

મહાત્મા બુદ્ધે પણ પોકારી પોકારી ને કહ્યુ છે કે અંતરિક્ષમાં જાઓ, સમુદ્રની અંદર સમાઓ, પર્વતની ગુફામાં ભરાઓ, પણ જગતની અંદર એવો કોઈ પ્રદેશ નથી કે જયાં પાપકર્મનું ફળ તમારે ભોગવવું ન પડે. (ધમ્મપદ અધ્યાય ૯ શ્લોક ૧૨)

શ્રીમદ પણ કહે છે કે ઝેર અને અમૃત પોતે એમ સમજતા નથી કે અમને ખાનારને મૃત્યુ કે દીર્ઘાયુષ્યતા થાય છે, પણ સ્વભાવે તેને ગ્રહણ કરનાર પ્રત્યે જેમ તેનું પરિણમવું થાય છે. તેમ જીવમાં શુભાશુભ કર્મપણ સંભવે છે. અને ફળ સન્મુખ થાય છે. એમ જીવને કર્મનું ભોકતાપણું સમજાય છે. (આત્મસિદ્ધિ શાસ્ત્ર પૃ. ૬૮)

શ્રીમદ રાજચંદ્ર ગાથા ૮૪માં કહે છે કે આ સંસારમાં રાજા રંક તવંગર – ગરીબ, ઉચ્ચ નીચ પંડિત- મૂર્ખ, સુરૂપ-કુરૂપ નીરોગી-રોગી, ઈત્યાદિ જે ભેદો દેખાય છે તે ભેદો કારણ વિના હોઈ શકે નહિ, મોક્ષવાળા ગ્રંથમાં જણાવે છે કે,

એક જીવ સુંદર પલંગે પુષ્પ શય્યામાં શયન કરે છે. એકને ફાટેલ ગોદડી પણ મળતી નથી. એક ભાત ભાતના ભોજનોથી તૃપ્ત રહે છે. એકને કાળી જારના પણ સાંસા પડે છે. એક અગણિત લક્ષ્મીનો ઉપભોગ લે છે. એક ફુટી બદામ માટે થઈને ઘેર ઘેર ભટકે છે. એક મધુંરા વચનથી મનુષ્યના મન હરે છે. એક અવાચક થઈને રહે છે. એક સુંદર વસ્ત્રાલંકારથી વિભૂષિત થઈ ફરે છે., એકને ખરા શિયાળામાં ફાટેલું કપડું પણ ઓઢવાને મળતું નથી. એક રોગી છે, એક પ્રબળ છે. એક બુદ્ધિશાળી છે. એક જડ ભરત છે. એક મનોહર નયનવાળો છે, એક અંધ છે, એક લુલો છે, એક પાંગળો છે, એક કિર્તિમાન છે, એક અપયશ ભોગવે છે, એક લાખો અનૂચરો પર હુકમ ચલાવે છે. એક તેટલા જ ટુંબા સહન કરે છે. એકને જોઈ આનંદ ઉપજે છે. એકને જોતા વમન થાય છે. એક સંપૂર્ણ ઈન્દ્રિયો વાળી છે, એક અપૂર્ણ છે. એકને દીન દુનિયાનું લેશ ભાન નથી. એકના દુ:ખનો કિનારો પણ નથી. એક ગર્ભાધાનથી હરાયો, એક જન્મ્યો કે મૂઓ, એક મૂએલો અવતર્યો એક સૌ વર્ષ વૃદ્ધ થઈને મરે છે. કોઈના મુખ, ભાષા, અને સ્થિતિ સરખા નથી મૂર્ખ રાજગાદી પર ખમા ખમાથી વધાવાય છે. સમર્થ વિધ્વાનો ધક્કા ખાય છે. ( શ્રીમદ રાજચંદ્ર પૃ. ૫૯-૬૦)

**૫. મોક્ષ છે:**

જે આત્મા પાંચ પદને સમજીને છઠ્ઠા પદ પર ચાલે છે તે આત્મા પાંચમાં કૈવલ્યપદને પ્રાપ્ત કરે છે એમાં કોઈ શંકા નથી. શ્રીમદ જણાવે છે કે આત્મા છે, તે નિત્ય છે, અને તે કર્મ બાંધે છે તથા તેના ફળ ભોગવે છે. અને આત્મા નો મોક્ષ પણ સંભવ છે. મોક્ષ એ ભારતીય દર્શનોનું કેન્દ્રબિંદુ છે. વિવિધ દર્શનોમાં મોક્ષનો અર્થ મુકિત, નિર્વાણ, નિવૃતિ, કૈવલ્ય, અપવર્ગ વગેરે શબ્દો વપરાયેલા છે. જીવના પરિભ્રમણનું કારણ શું છે અને તે પરિભ્રમણનો અંત કઈ રીતે આવી શકે તે સમજાવતા શ્રી ગુરૂ કહે છે. “કર્મસહિત અનંત કાળ વિત્યો, પણ તેના પર ઉદાસીન થવાથી તે કર્મફળ છેદાય, અને તેથી મોક્ષ સ્વભાવ પ્રગટ થાય" (આત્મસિદ્ધિ શાસ્ત્ર વિવેચન. પૃ. ૭૧)

**૬.મોક્ષનો ઉપાય છે:** શ્રીમદ્ મોક્ષના ઉપાયનું પ્રતિપાદન કરતા છ પદના પત્રમાં લખે છે કે જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃતિ કોઈ કાળે સંભવે નહી, પણ કર્મબંધથી વિપરિત સ્વભાવવાળા એવા જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય ભકતાદિ સાધન પ્રત્યક્ષ છે, જે સાધનાના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે. ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન દર્શન સંયમથી મોક્ષપદનો ઉપાય છે. (આત્મ સિદ્ધિ શાસ્ત્ર ભાગ-૩ પૃ. ૨૪૪) ગાથા ૧૩૮મા કહ્યું છે કે દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, વૈરાગ્ય અને ત્યાગ આ ગુણો કૈવલ્યપદની ઈચ્છાવાળા મુમુક્ષુમાં હમેશા રહેલા હોય છે.

બંધના કારણોથી વિપરિત સ્વભાવવાળા આ મુખ્ય પાંચ ભાવો સેવવાથી કર્મબંધ અટકે છે. અને ક્રમે કરીને મોક્ષ પ્રાપ્ત થાય છે. "બંધાયેલાને જે પ્રકારે બાધ્યો તેથી ઉલટી રીતે વર્તો એટલે છૂટશે" (શ્રીમદ રાજચંદ્ર પુ. ૧૨)

મોક્ષ એટલે આત્માનું અત્યંત શુદ્ધપણું રાગદ્વેષ અજ્ઞાનથી છૂટી જવું અથવા સર્વ કર્મથી મુકત થવું તે મોક્ષ છે શ્રીમદ કહે છે કે મોક્ષને સાધવા માટે જીવે આગ્રહ મૂકીને તેજ સાધના પદ્ધતિ તે જ ધર્માનુષ્ઠાન તે જ ક્રિયાકાંડ સ્વીકારવા જોઈએ કે જે રાગદ્વેષ અને અજ્ઞાનની નિવૃતિમાં અને શુદ્ધાત્મા ની પ્રાપ્તિ માં સહાયક નીવડે મોક્ષ પ્રાપ્તિનની તીવ્ર ઉત્કંઠા ધરાવતા સાધકે કોઈપણ સાધના પદ્ધતિ અપનાવતા પહેલા એ પદ્ધતિ પોતાના મત, સંપ્રદાય કે પંથ દ્વારા નિદ્રિષ્ટ છે કે અન્ય મત, પંથ કે સંપ્રદાય દ્વારા નિદ્રિષ્ટ છે. એમ જોવું જોઈએ નહીં શ્રીમદ ગાથા ૧૦૭ માં લખે છે કે જે મોક્ષનો માર્ગ કહવો તે હોય તો ગમે તે જાતિ કે વેષથી મોક્ષ થાય એમાં કઈ ભેદ નથી જે સાધે તે મુક્તિપદ પામે અને તે મોક્ષમાં પણ બીજા કશા પ્રકારનો ઉંચ - નીચનો ભેદ નથી. (આત્મસિદ્ધિ શાસ્ત્ર ભાગ -૩ પૃ. ૪૦)

મોક્ષ આત્માશ્રિત છે, પરાશ્રિત નહીં મોક્ષનો ઉપાય દેહાશ્રિત નથી તેથી જ શ્રીમદ્ કહે છે કે પંદર ભેદે સિદ્ધિ કહયાં તેનું કારણ રાગ દ્વેષ અને અજ્ઞાન જેના ગયા તેનું ગમે તે વેષે ગમે તે જગ્યાએ, ગમે તે લિંગે કલ્યાણ થાય તે છે ( આ. સિ. શાસ્ત્ર પૃ. ૪૦૩) શાસ્ત્રમાં બતાવેલ સિદ્ધના ૧૫ પ્રકાર છે.

નિમ્યદનું અજ્ઞાન નિવારી સમ્યગજ્ઞાન મેળવવા માટે અનેક તત્વચિંતકોએ ભિન્ન દેશ કાળમાં જે જે ઉપાયો પ્રયોજયાં તેમાંથી મુખ્યત્વે છ દર્શનો આસ્તિત્વમાં આવ્યા આત્મતત્વ અંગે થયેલ સર્વ વિચારણા શ્રીમદ રાજચંદ્રના ઉપરોકત છ મુદામાં સમાઈ જાય છે.

આમ મૂળમાર્ગનો ઉધ્ધાર એ શ્રીમદ્દનું મુખ્ય જીવન કાર્ય હતું અત્માના જ્ઞાન દર્શન ચારિત્ર ગુણ જે વિપરિત પણે પ્રવર્તી રહી છે. તેને આત્માના હિતાર્થે વાળવા તેજ મૂળમાર્ગ છે. શ્રીમદ્ અહીં આત્મ કલ્યાણનો સાચો માર્ગ બતાવ્યો છે. શ્રીમદના આ છ પદમાં સમગ્ર તત્વજ્ઞાન સમાઈ જાય છે. શ્રીમદ્ જણાવે છે કે આત્મ સ્વરૂપના સાચા જ્ઞાન વિના કલ્યાણ નથી આત્માનું સ્વરૂપ સમજ્યાં વિના કોઈ જપ તપ કરે તો પણ આત્માની સાચી શુદ્ધિ થતી નથી ૧૨૮મી ગાથામાં શ્રીમદ્ રાજચંદ્ર જણાવે છે કે દર્શન ષટે શમાય છે, આ ષટ્ સ્થાનક માહિ, વિચારતા વિસ્તારથી, સંશય રહે ન કાઈ. અર્થાત છ દર્શનોમાં આ પદમાં સમાઈ જાય છે. તેને વિસ્તારપૂર્વક વિચારતા કોઇપણ પ્રકારની શંકા રહેતી નથી. શ્રીમદ્ રાજચંદ્રએ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ૧૪૨ ગાથાનું નિરૂપણ કર્યુ છે. તેમાં આત્મા અંગે જે છ મુદા છે તેમાંથી શ્રીમદ્દના આત્માના ખ્યાલનું સમજવાનો પ્રયાસ માત્ર છે. અંતમાં.....

અહો! અહો! શ્રી સદગુરૂ, કરુણાસિંધુ અપાર,

આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર. ૧૨૪.

**સંદર્ભ ગ્રંથ :-**

૧: કલાર્થી મુકુલભાઈ : શ્રીમદ્ રાજચંદ્રની દંતકથાઓ, પ્ર: મગન પ્રભુદાસ દેસાઈ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્ર.આ. ૧૯૫૯

૨: શ્રીમદ્ રાજચંદ્ર: નિગ્રંથ પ્રવચન, પ્ર: મનુભાઈ ભ. મોદી, છ આ. ૧૯૯૨

3: ઝવેરી રાકેશભાઈ. આત્મસિદ્ધિશાસ્ત્ર વિવેચન ભાગ-૧ પ્ર: શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ધરમપુર પ્ર. આ. ૨૦૦૧

૪: ઝવેરી રાકેશભાઈ : આત્મ સિદ્ધિશાસ્ત્ર વિવેચન ભાગ ૨ અને ૩ પ્ર: શ્રીમદ્ રાજચંદ્ર

આશ્રમ ધરમપુર, અમદાવાદ - ૨૦૦૧

૫: ઝવેરી રાકેશભાઈ : આત્મ સિદ્ધિશાસ્ત્ર વિવેચન ભાગ ૪, પ્ર: શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ધરમપુર, અમદાવાદ - ૨૦૦૧

૬: મિશ્ર ચિહ્નન : શાંતિશતકમ્ : પ્રકા: શ્રી કેવલરામ ચટોપાધ્યાય, કલુટોલા સ્ટ્રીટ વિક્રમ સંવત ૧૯૫૧

૭: શર્મા સત્કારિ: ધમ્મપદ ચોખમ્બા વિદ્યાભવન વારાણસી ઈ.સ. ૧૯૯૨

૮: મ.સા. જયંતીલાલજી. શ્રી આત્મસિદ્ધિ મહાભાષ્ય ભાગ-૨ પ્ર. શાંતાબેન ચીમનલાલ બાખડા. પ્રથમ આવૃત્તિ ૨૦૧૦

પ્રા. કે. ટી સુમરા શામળદાસ આર્ટસ કોલેજ તત્વજ્ઞાન અધ્યક્ષ ભાવનગર. યુનિ. ભાવનગર

Certificate No.:020412202406


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
## (MUCOJOR)-2583-9829 (On-line)
International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**ડૉ. કે. ટી. સુમરા**

In recognition of the publication of the paper entitled

**શ્રીમદ્ રાજચંદ્રનો આત્માનો ખ્યાલ**

Published in Volume 02, Issue 04, December 2024.

**EDITOR IN CHIEF**